**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૧.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૪૧ ટકા

## @ગાંધીનગર

● ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મેયર રીટાબેન પટેલના હસ્તે ધ્વજવંદન સવારે ૯ કલાકે મહાનગર સેવાસદન ખાતે યોજાશે.

● ગાંધીનગર રામકથા મેદાન ખાતે મામલતદાર કચેરી દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ સવારે ૯ કલાકે યોજાશે.

● ભારતમાતા મંદિર સે-૭-એ ખાતે સવારે ૮ વાગ્યે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે.

● ગાંધીનગર મેડીકલ કોલેજ દ્વારા સવારે ૮.૩૦ કલાકે કોલેજ ડીનના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે.

● વસાહત મંડળ સે-૩ની સામાન્ય સભા યોજાશે.

● ત્રિદલની માસિક બેઠક સાંજે ૪.૩૦ કલાકે ૭૯૦, નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે મળશે.

● વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટની સામાન્ય સભા બપોરે ૨ કલાકે સે-૧૬ પાટનગર યોજના ભવન ખાતે યોજાશે.

● મધ્યાહન ભોજન યોજના કર્મચારી એકતા મંચ દ્વારા બે દિવસીય ઉપવાસ આંદોલન સત્યાગ્રહ છાવણી ખાતે યોજાશે.

● ઘ-૪ ગાર્ડન ખાતે સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન લાઈફ ઈઝ બ્યુટીફુલ ચિત્ર સ્પર્ધા યોજાશે.

● રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા સરકારી બાળગૃહના બાળકો સાથે સવારે ૮ કલાકે સરકારી બાળગૃહ સે-૧૭ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે.

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા ૭૧મા પ્રજાસત્તાક દિન નિમિત્તે સવારે ૮ વાગ્યે પરેડ સાથે મહેમાનોનું આગમન, ધ્વજારોહણ, સંક્ષિપ્ત ઉદબોધન, પરેડ ફોર્મેશન અને સાંસ્કૃતિક કાર્યક્રમ આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા પટાંગણ સે-૨૩ ખાતે યોજાશે. પ્રવેશ ગેટ નં. ૮થી મેળવવાનો રહેશે.

### બેસણું

સ્વ. શશીકાન્ત બચુભાઈ ગજ્જરનું બેસણું (સુવાળા) તા. ૨૭ જાન્યુઆરીના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન અચલેશ્વર મહાદેવ વાડી પેથાપુર ખાતે યોજાશે.

# સંગીતને સરહદના સિમાડા ન હોય

## વિશ્વગ્રામ અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય પ્રેરિત ગુલઝાર અહેમદ ગનાઈ દ્વારા ગીત સંગીતની પ્રસ્તુતિ

ગાંધીનગર, તા.૨૫

એક તરફ દેશભરમાં સી.એ.એ.ના મુદ્દે હિંદુ મુસ્લિમો વચ્ચે તણાવ ભરી સ્થિતિ બનતી જાય છે ત્યારે ગાંધીનગરને આંગણે સમરસતાનો અદભૂત કાર્યક્રમ કડી કેમ્પસના હોલમાં વિશ્વગ્રામ દ્વારા યોજાયો. ભારતીય સંસ્કૃતિ અને વૈશ્વિક સંસ્કૃતિના મૂળિયા ગીત સંગીતમાં એવા વણાયેલા છે જેને કોઈ જુદા કરી શકે એમ નથી. સંગીતને દેશ કે જાતના કોઈ સિમાડા નથી હોતા તેવું આજે કડી કોલેજના હોલમાં અનુભવાયું હતું.




વિશ્વગ્રામ અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય પ્રેરિત સ્નેહ સંગીત સંવાદ-૩નું ખિમજી વિશ્રામ હોલ કડી કેમ્પસ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ગુલઝાર અહેમદ ગનાઈ દ્વારા ગીત સંગીતની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં વિશ્વગ્રામનો પાયો નાખનાર સંજય તુલા દ્વારા કાશ્મીરના રહેવાસી તથા ઉપસ્થિત સંગીતકારની સફરની ઝલક આપવામાં આવી ત્યારબાદ ઉપસ્થિત ગુલઝાર અહેમદ ગનાઈ દ્વારા સંગીતની માહિતી આપી સૂફી સંગીતની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયેશ તન્ના દ્વારા તથા આભારવિધિ ડૉ. રમાકાંત દ્વારા કરવામાં આવી હતી.



# પિયર અને સાસરીથી કંટાળેલી મહિલાને ૧૮૧ મહિલા હેલ્પલાઈને નારીગૃહ મોકલી આપી

ગાંધીનગર, તા.૨૫

પિયર અને સાસરી બંન્ને જગ્યાથી કંટાળેલી મહિલાની મદદ૧૮૧ મહિલા હેલ્પ લાઈને કરી છે અને તે મહિલાને નારીગૃહ ખાતે મોકલી આપી છે. પ્રાપ્ત માહિતી મુજબ રાધા (નામ બદલ્યું છે) કલોલ તાલુકાના એક ગામમાં પોતાના પતિ અને દિકરા સાથે રહેતી હતી. તેણીનો પતિ દારૂપીને તેની સાથે મારપીટ કરતો હતો. સાસરીમાં તેનુ કોઈ માન-સન્માન જળવાતુ ન હતું. પતિ વારંવાર મારઝુડ કરીને પિયર મોકલી દેતો હતો અને પિયરવાળા પણ થોડા સમય રાખીને પરત સાસરીમાં મોકલી દેતા હતા. આથી કંટાળેલા રાધાબેન માનસિક રીતે અસ્વસ્થ બની ગયા હતા અને સ્વાભાવ પણ ઉગ્ર બની ગયો હતો. તેઓ સાસરીમાં જવા માટે તૈયાર ન થતા ૧૮૧ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જેથી હેલ્પલાઈનના કાઉન્સેલર દિપિકા ચૌહાણ, કોન્સ્ટેબલ રેખાબેન દ્વારા તેમને સમજાવવામાં આવ્યા હતા, પરંતુ તેઓ પિયર કે સાસરીમાં રહેવા માંગતા ન હતા અને મરવા જવા દોડ્યા હતા. જેથી તેમને પાસેના પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. જયાં તેઓએ નારીગૃહમાં જવાની વાત કરતા પિતા-ભાઈએ પણ પરવાનગી આપી દીધી હતી. જેથી તમામનું નિવેદન લેવાયા બાદ ૧૮૧ ની ટીમે રાધાબેનને સેકટર-૧૨ ખાતે નારીગૃહમાં મોકલી આપ્યા હતા. જયાં કામ મળી રહેવાનું આશ્વાસન મળતા તેઓ ખુશ જણાયા હતા.



કડી સર્વ વિશ્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સોઠ સી.એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ૭૧મા પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ કર્મયોગી દાસકાકાની પ્રતિમાને સ્વચ્છ કરી કુમકુમ તિલક અને પૂજન અર્ચન કરી ત્રિરંગી સૂતરની આંટી પહેરાવવામાં આવી હતી તથા હૃદયસ્થ પૂજય માણેકલાલ પટેલ અને પૂ. છગનભાની સ્મૃતિમાં કર ભલા, હોગા ભલાના નારા લગાવ્યા હતા. ત્યારબાદ શાળાના આચાર્ય ડૉ. ચેતના બુચ દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સેકટર-૧૪ ખાતે ધ્વજવંદનનો ભવ્ય કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ, સે. ૧૪, ગાંધીનગર દ્વારા ગુપ્તા સ્પોર્ટસની સામે, સેકટર-૧૪ શોપીંગ સેન્ટર ખાતે તા. ૨૬-૦૧-૨૦૨૦, રવિવારે સવારે ૯.૦૦ કલાકે ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં ૨૦૧૯-૨૦માં માન. ગર્વનરશ્રી ઓ.પી.કોહલજીના વરદ હસ્તે એરફોર્મસ વેલફેર પ્રવૃત્તિઓ માટે સર્વશ્રેષ્ઠ એવોર્ડ વિજેતા ઉમેશ ગુપ્તાજી તેમજ આંતરરાષ્ટ્રીય ગોલ્ડમેડાલિસ્ટ રાજીવ ગુપ્તાજી ખાસ ઉપસ્થિત રહી સૌને પ્રેરણા પૂરી પાડશે.

ધ્વજવંદનની સાથે સાથે વસાહતીઓ માટે શૌર્ય ગીતોની રમઝટ, નાના બાળકો માટે રમત-ગમત પ્રવૃત્તિઓ અને વિજેતા બાળકોને ઈનામો આપવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાગૃત વસાહત ફોરમના ઉષાબેન એમ. ચૌહાણ દ્વારા કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું સૌજન્ય એરફોર્મસના નિવૃત્ત ફલાઈંગ ઓફિસર ઉમેશ ગુપ્તાજી તેમજ પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં સર્વે શહેરીજનોને ઉપસ્થિત રહેવા ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા જણાવાયું છે.



જીઈબી કોલોની સ્થિત સરકારી પ્રાથમિક શાળા ખાતે રાષ્ટ્રીય મતદાતા દિવસ અને વિશ્વ બાલિકા દિવસની ઉજવણી કરવામાં આવી હતી તથા આ દિવસના ભાગરૂપે જીઈબી કોલોની ખાતે બાળકોની રેલી કાઢવામાં આવી હતી. જેમાં મતદાનના મહત્વ સાથેના સ્લોગન તથા ચિત્રો દર્શાવવામાં આવ્યા હતા. દેશ માટે લોકશાહી મહત્વ ધરાવે છે જે બાળકોને સમજાવવામાં આવ્યું હતું. તથા ધો-૬ થી ૮ના બાળક માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં કોલોનીના રહેણાંક વિસ્તારના રહેવાસી અને માતા પિતા ઉપસ્થિત રહ્યા હતા.




કિડઝી પ્રિ-સ્કૂલ સરગાસણ દ્વારા વાર્ષિક રમતોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શાન્તમ પાર્ટી પ્લોટ સરગાસણ ખાતે યોજવામાં આવેલ રમતોત્સવમાં માર્ચ પાસ્ટ, સૂર્ય નમસ્કાર, સસલા અને કાચબાની સ્પર્ધા જેવી અનેક સ્પર્ધામાં નાના ભૂલકાંઓએ ભાગ લીધો હતો તથા દરેક બાળકોના માતા પિતાએ ઉપસ્થિત રહી બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

# શિયાળામાં પેથાપુર માર્ગની સ્ટ્રીટ લાઈટો મોડી બંધ કરવા માંગ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક આવેલ પેથાપુર ગામમાં માર્ગ પર લગાવેલી સ્ટ્રીટ લાઈટો તંત્ર દ્વારા સવારના સમયે ૬ વાગે બંધ કરવામાં આવે છે. ત્યારે શિયાળાના સમયમાં આ લાઈટનો સમય વધારવામાં આવે તેવી નાગરીકોની માંગ છે. શિયાળાના સમયે માર્ગમાં અંધકાર હોવાથી શાળાએ જતા નાના બાળકો તેમજ મંદિરે જતા ભકતો સહિત વડીલોને અંધકાર હોવાથી ભારે તકલીફનો સામનો કરવો પડે છે. અંધારાને પગલે કુતરાઓ તેમજ ગાયનો ત્રાસ હોવાથી સવારના સમયે પણ નાગરીકોને સાવચેત રહેવું પડે છે. પેથાપુર નગરપાલિકા ધરાવતુ અને અંદાજીત ૩૦ હજારની વસ્તી ધરાવતુ ગામ છે. ત્યારે શિયાળાની રૂતુમાં સવારના સમયે સ્ટ્રીટ લાઈટ અજવાળુ થાય તે પછી બંધ કરવામાં આવે તેવી પેથાપુરવાસીઓની લાગણી અને માંગણી છે.

## મુવી હાઉસ

**સિટી પલ્સ, કુડાસણ**
**સ્ટ્રીટ ડાન્સર ૩ (૨-ડી)**
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ટ્રીટ ડાન્સર ૩ (૩-ડી)**
૧૧.૪૫, ૫.૪૫
**તાન્હાજી (૩-ડી)**
૩.૦૦, ૯.૩૦
**ગુડ ન્યૂઝ**
૧૦.૦૦
**પંગા**
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧.૦૦
**કેમ છો? (ગુજરાતી)**
૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૦૦

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**
**સ્ટ્રીટ ડાન્સર ૩ (૩-ડી)**
૮.૦૦, ૯.૩૦, ૧૧.૦૦, ૧૨.૩૦, ૧.૦૦, ૨.૦૦, ૩.૩૦, ૫.૦૦, ૬.૩૦, ૮.૦૦, ૯.૩૦, ૧૧.૦૦
**તાન્હાજી**
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
**પંગા**
૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**
**સ્ટ્રીટ ડાન્સર ૩ (૩-ડી)**
૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૫, ૭.૧૦, ૧૦.૧૫
**સ્ટ્રીટ ડાન્સર ૩ (૨-ડી)**
૯.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૦, ૨.૦૦, ૩.૦૫, ૬.૧૦, ૯.૧૫, ૯.૪૫
**તાન્હાજી**
૧૦.૪૦, ૧.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૧૦.૦૦
**ગુડ ન્યુઝ**
૩.૫૫
**પંગા**
૧૦.૨૫, ૧.૧૦, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**
**સ્ટ્રીટ ડાન્સર ૩ (૩-ડી)**
૧૦.૨૫, ૧.૩૦, ૪.૩૫, ૭.૪૦, ૧૦.૪૫
**સ્ટ્રીટ ડાન્સર ૩ (૨-ડી)**
૯.૦૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
**તાન્હાજી**
૧૨.૫૦, ૯.૩૦
**ગુડ ન્યુઝ**
૧૦.૪૦
**પંગા**
૯.૦૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

# આજે સિનિયર સિટીઝન માટે બ્રહ્માણી હોલ ખાતે મનોરંજન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

હેત ફાઉન્ડેશન તથા એથીકલ સ્વર ધડકન ગૃપ ગાંધીનગર દ્વારા સિનિયર સિટીઝન માટે મનોરંજન કાર્યક્રમ આજે બપોરે ૧ વાગ્યાથી કડી કેમ્પસ સે-૨૩ બ્રહ્માણી હોલ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના ડૉ.મહિપતસિંહ પરમાર દ્વારા સ્વાસ્થ્ય માટેની ટીપ્સ પણ આપવામાં આવશે. સંસ્થાના પ્રમુખ સંજય તન્ના દ્વારા ગાંધીનગરના પેન્શનર ગૃપના સભ્યો, સિનિયર અને જુનિયર સિટિઝન કાઉન્સીલના સભ્યો, દરેક વસાહત મંડળના સભ્યો તથા ગાંધીનગરના તમામ વડીલોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ અંબાલાલ ખોડીદાસ, ઉ.વ. ૬૯
- સ્વ. પંડયા જયંતિલાલ ગણપતરામ, ઉ.વ. ૮૯
- સ્વ. ઠાકોર લસીબેન ઉદાજી, ઉ.વ. ૬૫
- સ્વ. પરમાર શારદાબેન ઈશ્વરભાઈ, ઉ.વ. ૬૪
- સ્વ. પટેલ રમણભાઈ મંગળભાઈ, ઉ.વ. ૬૪
- સ્વ. સલાટ ધનજીભાઈ ગેલાભાઈ, ઉ.વ. ૫૪

# રાષ્ટ્રસેવામાં શહીદ થતાં જવાનોના પરિવારોના પડખે રહેવું તે આપણી નૈતિક ફરજ

## ગાંધીનગરની ગોલુ-મોલુ પ્લે સ્કૂલના સંચાલકોએ શહીદના પરિવાર પ્રત્યે પોતાની ફરજ નિભાવતા શહીદના બાળકની સંપૂર્ણ ફી પરત કરી : નાના સંતાનને પણ જ્યારે સ્કૂલમાં પ્રવેશ મેળવશે ત્યારે કોઈ ફી નહીં ભરવી પડે તેની ખાતરી પણ આપી




ગાંધીનગર, તા.૨૫

સમગ્ર રાષ્ટ્ર ૭૦થી વધુ વર્ષની સ્વતંત્રતાના ખુશનુમા વાતાવરણમાં વધુ એક પ્રજાસત્તાક દિન ઉજવી રહ્યો છે. આ સ્વતંત્રતા મેળવવા અને તેને જાળવી રાખવા દેશના અનેક વીર શહીદોએ તેમના પ્રાણ ન્યોછાવર કર્યા છે અને હજુ પણ ભારતમાતાના સપૂતો તેમના આ મહાન રાષ્ટ્ર કાજે જીવ સટોસટની બાજી લગાવી દેતાં પળભરનો ય વિલંબ કરતાં નથી. એ દરેક નાગરિકની ફરજ છે કે દેશ માટે પોતાના પરિવારની લેશમાત્ર ફિકર કર્યા વગર પોતાના જીવનની આહુતિ આપી દેનાર વીર શહીદોના નિરાધાર બનેલા પરિવારને પૂરતું માન-સન્માન આપવા સાથે તેમના સુખ-દુખમાં સહભાગી બનીને તેમને શક્ય હોય તેટલા ઉપયોગી બને જેથી તેમણે પણ એ વાતનો હાશકારો રહે કે તેમના પરિવારના વીર જવાને જે રાષ્ટ્ર માટે જીવનનું બલિદાન આપ્યું છે તે રાષ્ટ્ર તેમના પડખે છે. ગાંધીનગરમાં આવી જ નેક ફરજ એક શાળાના સંચાલકોએ દાખવી સીમા સુરક્ષા માટે તૈનાત ગુજરાતના વીર જવાનની શહીદીને સન્માન બક્ષ્યું છે.

ગત વર્ષ ૨૦૧૯ના ઓગસ્ટ માસમાં ૧૮મી તારીખે દેશના પૂર્વોત્તર રાજ્ય આસામની બાંગલાદેશ સાથેની બોર્ડર પર સિલિગુડીથી છ કિમી દૂર ગાંધીનગર ખાતેના સીમા સુરક્ષા દળમાં નવ વર્ષથી ફરજ બજાવતા પીએસઆઈમાંથી પીઆઈ બનેલા ગુજરાત ફ્રંટિયર યુનિટના મૂળ વડોદરાના જવાન સંજયભાઈ મોહનભાઈ સાધુ ફરજ બજાવી રહ્યા હતા ત્યારે નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન તેમને સંદેશ મળ્યો કે કેટલાક સીમાપારના પશુ તસ્કરો ગાયોની તસ્કરી કરીને ભાગી રહ્યા છે. આ વિસ્તારમાં છાશવારે સીમાપારના પશુ તસ્કરો દ્વારા પશુધનની તસ્કરીની ઘટનાઓ આચરવામાં આવે છે કેમ કે આ સરહદ પર તારની વાડ જેવા અવરોધ નથી. દર વખતની જેમ સંજય સાધુ તેમની ટીમ સાથે તસ્કરોનો પીછો કરી તેમને બ્રહ્મપુત્રા નદીના કાંઠેથી ભાગતા શોધી કાઢ્યા અને તેમણે ઝબ્બે કરવાના પ્રયાસમાં તસ્કરો સાથે અથડામણ શરૂ થઈ હતી. તેમની પત્ની પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર આ અથડામણ દરમ્યાન રાત્રિના અંધારામાં બ્રહ્મપુત્રા નદીના કાંઠે જે કાદવનું કળણ હતું તેમાં પગ લપસી જવાથી ફસાઈ ગયા હતા. નદી કાંઠે કાદવનું કળણ એટલુ ભયાનક હતું કે સંજય સાધુએ






જેટલો બહાર આવવા પ્રયાસ કર્યો તેટલા તેઓ અંદર ખૂંપતા ગયા અને છેવટે નદીના તે કળણમાં વધુ સમય ડૂબેલા રહેવાથી તેઓ વીરગતિને પામ્યા હતા. સ્પોર્ટ્સમાં ખૂબ રૂચિ ધરાવતા અને સ્વાસ્થ્ય બાબતે જાગૃત હોવાથી નિયમિત જીમ જવાના શોખીન વીર શહીદ સંજય સાધુ તેમની પાછળ તેમની બાળકોના અભ્યાસ માટે ગાંધીનગર ખાતે રહેતા પત્ની અંજના સાધુ અને બે દીકરી શ્રદ્ધા, આસ્થા અને દીકરો ઓમ જે તે સમયે માત્ર દોઢેક વર્ષનો હતો તેને મૂકીને વીરગતિને માર્ગે ચાલી નીકળ્યા હતા.

અંજનાબેન તેમના પિતા મૂળદાસ સાધુની નજીકમાં સરગાસણ ચાર રસ્તા વિસ્તારમાં ફ્લેટમાં રહે છે અને મોટી દીકરી શ્રધ્ધા કુડાસણની એક ખાનગી શાળામાં ચોથા ધોરણમાં અભ્યાસ કરે છે. આ વર્ષે બીજી દીકરી આસ્થા પોણા ત્રણ વર્ષની થઈ જતાં તેને પ્રિ-સ્કૂલમાં જુનિયર કેજીમાં એડમિશન લેવા માટે અંજનાબેન પોતાના ઘરની નજીકની ગોલુ-મોલુ પ્લે સ્કૂલમાં તેને લઈને ગયા હતા જ્યાં સ્કૂલના પ્રિન્સિપાલે પ્રવેશ પ્રક્રિયાના ભાગરૂપે તેમની પાસે વિગતો પૂછી હતી જેમાં બાળકના પિતાનો વ્યવસાય પૂછતાં અંજનાબેને જણાવ્યુ કે તેઓ બીએસએફમાં હતા અને સરહદ પર શહિદ થઈ ગયા છે. પ્રવેશ માટે જરૂરી ઔપચારિક પ્રક્રિયા પૂરી થયા બાદ આસ્થાને પ્રવેશ આપવામાં આવતા અંજનાબેને સ્કૂલની ફી જેમાં શૈક્ષણિક ફી સાથે પુસ્તકો-સ્કૂલ ડ્રેસ વગેરે સહિતની સુવિધાઓના ચાર્જનો સમાવેશ થતો હતો તે પૂરેપુરી ભરી દીધી હતી. સ્કૂલના પ્રિન્સિપાલે સ્કૂલ સંચાલકો દ્વારા નિયત કરાયેલ પધ્ધતિ મુજબ પ્રવેશ પામેલ દરેક બાળકોના પ્રવેશ ફોર્મ સાથે તમામ વિગતો સંચાલકોને આપી હતી જેમાં આસ્થાની પણ તમામ વિગત સામેલ હતી.

આસ્થાની વિગતો વાંચીને ગોલુ-મોલુ પ્લે સ્કૂલના સંચાલકો સુભાષભાઈ જોશી અને વિરેન્દ્રકુમાર સિંઘે અંજનાબેનને બોલાવી તમામ માહિતી મેળવી હતી અને ત્યારબાદ તેમણે આસ્થાની તમામ ફી માફ કરી હોવાનું જણાવી અંજનાબેનને ભરેલી તમામ ફી પરત આપી તે સાથે આસ્થા જ્યાં સુધી આ સ્કૂલમાં ભણશે ત્યાં સુધી તેને તમામ સુવિધાઓ સાથે તદ્દન નિઃશુલ્ક શિક્ષણ પૂરું પાડવાની બાહેંધરી પણ આપી દીધી. એટલુ જ નહીં પરંતુ તેમને અંજનાબેનના નાના દીકરા ઓમને પણ જ્યારે તે સ્કૂલમાં ભણવા આવશે ત્યારે તેને પણ તમામ ફી માફી સાથે આસ્થાની જેમ જ સંપૂર્ણ શિક્ષણ પૂરું પાડવામાં આવશે તે માટે વચન પણ આપી દીધું છે. સૂકલ સંચાલકોના નિર્ણયની જેને પણ જાણ થઈ તેમણે પ્રસંશા સાથે આ નિર્ણયને વધાવી લીધો હતો. આ બાબતે સંચાલકો સુભાષભાઈ જોશી અને વિરેન્દ્રકુમાર સિંઘનું કહેવું છે કે “આસ્થાની ફી માફ કરીને અમે કોઈ ઉપકાર નથી કર્યો પરંતુ તેના પિતા સ્વ.સંજય સાધુએ આપણાં દેશની રક્ષા કાજે પોતાનો જીવ આપી દીધો છે ત્યારે તેમના પરિવારને પડખે ઊભા રહેવાની આપણાં સૌની ફરજ છે જે નિભાવવાનો અમને અવસર પ્રાપ્ત થતાં અમે માત્ર અમારી ફરજ નિભાવી છે, અને આપણાં દેશ માટે પોતાના પ્રાણની પરવા કર્યા વગર જીવના જોખમો સામે લડીને દેશના નાગરિકોને એક સુરક્ષિત જીવન પૂરું પાડતા તમામ વીર જવાનો અને તેમના પરિવાર પ્રત્યે સન્માન સાથે તેમના પડખે ઊભા રહેવાની જવાબદારી આપણે સૌ હમેશાં નિભાવીશું તો આપણાં એટલા બહાદુર છે કે આપણાં રાષ્ટ્ર સામે આંખ ઊંચી કરીને જોઈ પણ શકે તેટલી વિશ્વમાં કોઈની ઔકાત નથી.”

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com